IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ડફેર સમુદાયની સામાજિક આર્થિક સ્થિતિ

ડૉ. વિનોદ સોનવણે
ઈ.આચાર્ય
બાલહંસ કોલેજ ઓફ સોશ્યલવર્ક
મુ-થવા, તા.નેત્રંગ, જી-ભરૂચ

**સાર સંક્ષેપ (Abstract)**
પ્રસ્તુત અભ્યાસ વિમુક્ત જાતિઓ અંગેનો છે. અહી ગુજરાતની 12 વિમુક્ત જાતિઓ માંથી જેનું સૌથી વધુ અપરાધીકરણ થયું છે તેવી ડફેર જાતિને કેન્દ્રમાં રાખીને સંશોધન પત્ર રજુ કરવામાં આવ્યું છે. આ સંશોધનપત્રના માધ્યમથી વિમુક્ત જાતિની વર્તમાન સામાજિક આર્થિક સ્થિતિને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.અભ્યાસમાં પ્રાથમિક અને ક્ષેત્રીય એમ બંને પ્રકારના માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને મુલાકાત અનુસુચિ અને કેન્દ્રિત જૂથચર્ચા દ્વારા માહિતી મેળવવામાં આવી છે. આ અભ્યાસમાં એ જાણવાનો પ્રયાસ કર્યો છે કે શું ડફેર ખરેખર અપરાધી સમાજ છે? શું અપરાધ કરવાની તાલીમ તેમને સામાજીકરણની પ્રક્રિયા દરમ્યાન આપવામાં આવે છે? કોઈ વ્યક્તિ અપરાધી હોઈ શકે,પણ શું આખો સમાજ અપરાધી હોઇ શકે?, તેમાં પણ આવનારી બધી પેઢી અપરાધ જ કરશે એવું માની લેવું કેટલું યોગ્ય છે? અપરાધ કરીને લોકો ખુબ મોટી સંપતિ ટૂંક સમયમાં મેળવી લેતા હોય છે ત્યારે ડફેર એક અપરાધી સમાજ હોય તો તેમની સામાજિક આર્થિક સ્થિતિ કેવી છે એ જાણવાનો પ્રયાસ આ સંશોધનપત્રમાં કરવામાં આવ્યો છે.સંશોધન અભ્યાસ દરમ્યાન ઘણા મહત્વના તારણો મળ્યા છે જેના આધારે ડફેર સમુદાયનું એક સાચું ચિત્ર સંશોધક મેળવી શક્યા છે, જેની વિગત તારણોમાં રજુ કરવામાં આવી છે. આમ આ સંશોધનપત્ર વિમુક્ત સમુદાય માટે કામ કરનાર સામાજિક સંસ્થાઓ, કર્મશીલો, સરકારના વિભાગો તેમજ નીતિ ઘડનાર લોકોને સાચી દિશા આપવામાં ઉપયોગી બની રહેશે.

**ચાવીરૂપ શબ્દો** : ડફેર , વિમુક્ત સમુદાય, અપરાધી જાતિઓ,

**પ્રસ્તાવના**

બ્રિટીશ સરકાર દ્વારા એવા ઘણા સમુદાયોને અપરાધી જાહેર કર્યા હતા કે જેઓ તેમની સામે બળવો કરતા હતા. નાના રાજાઓ પરાજિત થયા પછી તેમના આશ્રિતો અંગ્રેજોના ડરથી તેમજ અસુરક્ષાની ભાવનાથી તેઓ જંગલોમાં નાસી છૂટતા હતા.આવા સમુદાયો માટે અંગ્રેજ સરકાર દ્વારા Criminal tribe શબ્દ પ્રયોજવામાં આવ્યો હતો. Criminal Tribe Act-1871(અપરાધી જનજાતિ અધિનિયમ ૧૮૭૧) દ્વારા આવા સૈનિકો કે બહાદુર લડાયક કોમોને અપરાધી જાહેર કરવામાં આવતા હતા.[1]અંગ્રેજો દ્વારા જે કોમોને ક્રિમીનલ ટ્રાઈબ જાહેર કરવામાં આવી તેમાં ઉચ્ચવર્ગની જ્ઞાતિઓ, ક્ષત્રીય અને રાજપૂત જ્ઞાતિઓ, તેમજ અનુસુચિત જાતિ/જનજાતિ કે અન્યપછત વર્ગના સભ્યોનો સમાવેશ થતો હતો. એટલે ક્રિમીનલ ટ્રાઈબ એટલે કે માત્ર આદિવાસી સમુદાય એવી ધારણા કરવી અહી અયોગ્ય લેખાશે. વિમુક્ત સમુદાયો રાજાઓને મદદરૂપ બનતા, તેઓ સફળ વહીવટ કર્તા હતા, યુદ્ધકળામાં કુશળ હતા, તેથી સેનાપતિ તરીકેની ભૂમિકા ભજવતા. બહાદુરી, વફાદારી, નીડરતા જેવા ગુણોને કારણે તેઓ રાજાઓના માનીતા હતા. 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમની ભૂમિકા ખુબજ મહત્વપૂર્ણ રહી હતી. હથિયાર બનાવવાથી માંડીને યુદ્ધનો સમાન એકત્રિત કરવા અને ક્રાંતિકારીઓને મદદ કરવા દરેક તબક્કે તેમણે મદદ કરી હતી.[2]

અંગ્રેજો એમને યોદ્ધાઓની સાથે સાથે પોતાના વ્યવસાયિક હરીફ પણ માનતા હતા. કારણ કે સમાજની જરૂરિયાતો પૂરી પાડવાના ઘણા વ્યવસાયો પર વિચરતી વિમુક્ત જાતીઓનું પ્રભુત્વ હતું, તેથી અંગ્રેજોએ વિમુક્ત જાતિઓના વ્યવસાયિક હિતો જોખમાય તેવા પગલા લેવાનું શરુ કર્યું હતું. 1857ના સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવનાર આ બહાદુર કોમો પર આજીવિકાના સાધનો મેળવવામાં મુશ્કેલી પડતા તેમણે પોતાને હેરાન કરનાર

[1] Idate, B. (2015). Draft List of Denotified Tribes, Nomadic and semi Nomadic Tribes of India. New Delhi: National Commission for Denotified , Nomadic and semi Nomadic Tribes, Government of India
[2] સિહ अरविंद कुमार . (2014, January).नइ रोशनी की तलाश मे घुमंतु जनजातिया. योजना, 24

અંગ્રેજોના ખજાના લૂંટવાના પ્રયત્નો કર્યા. વિમુક્ત જાતિના આ પગલાથી અંગ્રેજોને તેમની સામે સખ્ત પગલા લેવાનું બહાનું મળી ગયું અને અપરાધી જનજાતિ અધિનિયમ ૧૮૭૧ અંતર્ગત તેમની સામે પગલા લેવાનું શરુ કરવામાં આવ્યું[3]

સૌરાષ્ટ્રમાં અનેક દેશી રજવાડા હતા. કેટલાક રાજ્યો ડફેરને રાજ્યાશ્રય આપતા, બદલામાં ડફેર રાજાઓને પોતાના પાડોશી રાજ્યોને લૂંટવામાં મદદ કરતા. આમ બ્રિટીશ સમય દરમ્યાન સૌરાષ્ટ્રના દેશી રજવાડાઓ દ્વારા તેમની લૂંટફાંટની પ્રવૃતિને હેતુપૂર્વક પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ડફેર સમુદાયમાં રહેલ નિર્ભયતા, વફાદારી, સાહસ, જેવા ગુણોનો રજવાડાઓએ ખુબ લાભ લીધો પણ આઝાદી પછી ડફેરને આશરો આપનારા કોઈ રજાઓ કે રજવાડા રહ્યા નહિ તેથી ચોરી લૂંટફાંટ જેવી પ્રવૃત્તિ દ્વારા તેમણે પોતાનું ગુજરાન ચલાવવાનું શરુ કર્યું. તેમણે વર્ષોથી ચોરી લૂંટફાંટ સબંધિત જે કુશળતાઓ કેળવી હતી, તેનો ઉપયોગ તેઓ હવે આજીવિકા માટે કરવા લાગ્યા હતા.[4] ડફેર સમુદાયનું અન્ય સમાજ સાથે યોગ્ય સમાયોજન ન થવાથી તેમજ તેમની સામાજિક સ્વીકૃતિ ના થઇ હોવાને કારણે તેઓ અપરાધ તરફ વળ્યા હોય તેમ જોવા મળે છે.[5]

ડફેર સમુદાયને રાજાઓ દ્વારા હેતુપૂર્વક લૂંટફાંટની પ્રવૃતિઓમાં સક્રિય બનાવવામાં આવ્યા હતા. તેથી તેમના માનો-સામાજિક ઘડતરમાં લૂંટફાંટ અને અસામાજિક પ્રવૃતિઓની અસર રહેલી જોઈ શકાય છે. બદલાયેલી સામાજિક અને રાજકીય પરિસ્થિતિ સાથે તાલ મેળવી ના શકવાને કારણે અસામાજિક પ્રવૃત્તિ તરફ વળનારા ભારતમાં ડફેર જેવા અન્ય ઘણા સમુદાયો હતા. બ્રિટીશ સરકારે તેમના પ્રશ્નો સમજવાને બદલે તેમની અસામાજિક પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખીને તેમને ગુનેગાર માન્યા અને અપરાધી જનજાતિ અધિનિયમ 1871 હેઠળ તેમના પર પ્રતિબંધો લાદ્યા.[6] બ્રિટીશ સરકારે અપરાધી જાતિ અધિનિયમ ઘડતી વખતે ભારતની જ્ઞાતિ વ્યવસ્થાને કેન્દ્રમાં રાખી હતી. જેમ સુથારનો દીકરો સુથારી કામ જ કરે તેમ અપરાધીનો દીકરો ભવિષ્યમાં અપરાધ જ કરશે એવી માન્યતા આ અપરાધી જનજાતિ અધિનિયમના ગર્ભમાં રહેલ છે. આ કાયદા મુજબ અપરાધ માટે વ્યક્તિ નહિ પણ સમગ્ર સમુદાયને જવાબદાર માનવામાં આવ્યો.[7]

અંગ્રેજ સરકાર દ્વારા 1871ના અપરાધી જનજાતિ અધિનિયમ દ્વારા આ જાતિઓને સૂચિબધ્ધ કરીને અપરાધી જાહેર કરી દીધી. આજે પણ એ પ્રશ્નનો જવાબ મળવો મુશ્કેલ છે કે વિમુક્ત જાતિઓએ એવા કયા ગુના કર્યા હતા કે તેમને અપરાધી ઠેરવવામાં આવ્યા અને તેથી જ કોઈ કલમ લાગુ કરવાને બદલે એવો કાયદો બનાવવામાં આવ્યો. કે જેથી તેમની સામે સખ્તાઈપૂર્વક કામ લઇ શકાય. તેથી આવી 198 જાતિઓનું ભવિષ્ય નક્કી કરવાની સત્તા પોલીસ ઓફિસરોને મળી ગઈ હતી.[8] પોતાને થતા અન્યાય માટે પણ આ સમુદાયો અદાલતમાં જઈને પોતાનો પક્ષ રાખી શકતા ન હતા. તેથી જ વણજારા ભાંતુ, સાંસી, મીણા, કંજર, પારધી અને ડફેર જેવી જાતિઓ સમય સાથે તાલ ના મીલાવી શકતા વધુને વધુ પછાત બનવા લાગી.[9]

આજીવિકાના સંદર્ભમાં તેઓ અપરાધ કરવા પ્રેરાયા હતા.[10] ડફેર સમુદાયના જે અપરાધો પોલીસ ચોપડે નોંધાયા છે એમાં એકપણ કેસ બળાત્કાર કે ખૂન અંગેનો નથી.[11] તેઓ ચોરી અને લૂંટ કરતા હોય તેવું જોવા મળેલ છે. આમ ડફેર સમુદાય આજીવિકાના સંદર્ભમાં અપરાધ કરવા પ્રેરાયા હોય તેમ જોવા મળે છે. મોટેભાગે ચોરી અને લુંટ કરનારા લોકો ટૂંક સમયમાં મોટી સંપતિ મેળવી લેતા હોય છે, પણ ડફેર સમુદાયના સંદર્ભમાં ચિત્ર જુદું જોવા મળે છે. તેઓ આજે પણ પછાત જીવન જીવી રહ્યા છે.સમાજ કે સરકાર દ્વારા તેમને મુશ્કેલ પરિસ્થિતિમાં સમાયોજન સાધવા કોઈ મદદ મળી નથી. તેથી તેઓ પોતાની આજીવિકા મેળવવા બાબતે વધુને વધુ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયા હોય એમ તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિ પર થી જાણી શકાય છે.

**ઉદ્દેશ્યો**

- ડફેર સમુદાય ની સામાજિક આર્થિક સ્થિતિ તપાસવી
- ડફેર સમુદાયની સામાજિક આર્થિક પરિસ્થિતિ અને અપરાધીકરણ વચ્ચેનો સબંધ તપાસવો
- ડફેર સમુદાયની વર્તમાન સ્થિતિ માટે જવાબદાર પરિબળોની સમજ મેળવવી.

---

[3] I Bid

[4] देवी.गणेश. (2001, जनवरी-मार्च). चोर कहे जानेवाले घुमंतू के प्रति. बुधन,

[5] □□□□ □□□□□□ (2006) □□□□□□□□ □□□□□□ □□□□□□□ □□□□□□□, :□□□□□□□, □□□□ □□□□□□□

[6] Idate, B. (2016). Voice of the DNT/NT Communities in India. New Delhi: National Commission for Denotified, Nomadic and Semi Nomadic Tribes.

[7] Ranke.B. (2008). Report of National Commission for Denotified, Nomadic and Semi Nomadic Tribes Vol.1. New Delhi: Ministry of Social Justice and Empowerment.Govt.of India.

Devy.Ganesh. (2006). Report of Recomondation of Technical Advisory Group. New delhi: Ministry of Social Justice and Empowerment, Govt.of India.

[8] Ayanger.A.(1951) Report of Criminal Tribe Inquiry Committee.New Delhi. Government of India.

[9]

[10] वेंकटचेलैया.एम्.एन. (2003, एप्रिल). जनजातियाँ:वर्तमान और भविष्य. बुधन, p-6-10.

[11] राठोड.मोतिराज. (२००३, अप्रेल). अपराधी जनजाति विधान और परिणाम. (अ. पाण्डेय, Ed.) बुधन,

**પદ્ધતિશાસ્ત્ર**

- **સંશોધનનો પ્રકાર :** ગુણાત્મક અને વર્ણનાત્મક સંશોધન
- **સંશોધનનું વ્યાપ વિશ્વ :** ગુજરાતના એવા શહેરી અને ગ્રામ્ય વિસ્તારો જ્યાં ડફેર સમુદાયની વસાહતો આવેલી છે તે સંશોધનનું વ્યાપ વિશ્વ છે.
- **નિદર્શનું કદ :** કુલ વ્યાપ વિશ્વના ચોથા ભાગના ઉત્તરદાતાઓને નિદર્શમાં સ્થાન આપ્યું છે આમ ૩૩૫ ઉત્તરદાતાઓને નિદર્શ તરીકે પસંદ કર્યા છે.
- **નિદર્શ પસંદગી માટેની પદ્ધતિ :**1- ઉપલભ્ય બિનયદ્રચ્છ નિદર્શન પદ્ધતિ અને 2- હેતુલક્ષી બિનયદ્રચ્છ નિદર્શન પદ્ધતિ
- **માહિતીના સ્ત્રોતો :**પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્રિય (પ્રાથમિક) તેમજ દસ્તાવેજી એમ બંને પ્રકારના માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- **માહિતી એકત્રીકરણના સાધન :** મુલાકાત અનુસૂચિ, મુલાકાત માર્ગદર્શિકા, દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ
- **માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ :** નિરીક્ષણ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ
- **માહિતી એકત્રીકરણનો સમયગાળો :** માર્ચ 2018 થી એપ્રિલ 2019

**સાહિત્ય સમીક્ષા**

1 **Annual Administration report on the working of the criminal tribes act in the Bombay presidency.-1932 અને 1940 -**
આ અહેવાલ બ્રિટીશ સરકાર દ્વારા વિમુક્ત જાતિઓ માટે કેવા નિયમો અને વ્યવસ્થાઓ બનાવવામાં આવી હતી તેની માહિતી રજુ કરે છે

2 **અપરાધી જનજાતિ અધિનિયમ તપાસ સમિતિ- 1949**
આ અભ્યાસ એક તપાસ અહેવાલ છે જેમાં આઝાદી પછી વિમુક્ત જાતિઓની સ્થિતિની તપાસ કરીને તેમાં સુધાર લાવવા કેવા પ્રયાસો કરી શકાય તેની ભલામણો રજુ કરવામાં આવી છે.

3 **આન્ત્રોલકર કમીશન-(1950)** [12]
આઝાદી પછી 1950માં અપરાધી જનજાતિ અધિનિયમ નાબૂદ થયા બાદ વિચરતી અને વિમુક્ત જાતિઓના પ્રશ્નો બાબતે મુંબઈ સરકાર દ્વારા આન્ત્રોલકર કમીશનની રચના કરવામાં આવી હતી. આ કમીશને વિમુકત જાતિઓના પ્રશ્નોના નિવારણ અને વિકાસ માટે મહત્વની ભલામણો કરી છે.

4 **<u>વિમુક્ત જાતિઓ અંગેની કાલેલકર પંચની ભલામણો (1953)</u>**
કાલેલકર પંચના અહેવાલના ત્રીજા પ્રકરણમાં વિશિષ્ટ કોમોના પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવેલ છે. આ વિશિષ્ટ કોમોમાં મુસલમાનો, ખ્રિસ્તીઓ, હરિજનો, સ્ત્રીઓ, દેહવ્યાપાર સાથે જોડાયેલ બહેનો, ગુનેગાર બાળકો અને વિમુક્ત જાતિઓ વિશેની ચર્ચા કરવામાં આવી છે.આમ આ અહેવાલ પણ વિમુક્ત જાતિઓની ચર્ચા કરે છે.

5 **રેણુકા રે સમિતિ-1959**[13]
ભારત સરકારે શ્રીમતી રેણુકા રે .ના પ્રમુખ પદે એક સમિતિની રચના કરી. આ સમિતિએ સમાજકલ્યાણ તથા પછાતવર્ગના કલ્યાણ અંગેની યોજનાઓનું મૂલ્યાંકન કરીને તેમના માટે અમલમાં મુકાયેલ યોજનાઓમાં સુધારા વધારા સૂચવ્યા હતા.

6 **લોકુર(Lokur) સમિતિ -1965** [14]
વર્ષ 1965માં અનુસૂચિત જાતિ / જનજાતિઓની યાદીની સુધારણા અને ફેરતપાસ કરવાના હેતુથી ભારત સરકાર શ્રી બી.એન લોકુરની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ સ્વતંત્રતા પૂર્વેની વિચરતા અને વિમુક્ત સમુદાયોની ઉપલબ્ધ યાદીને બંધારણીય રીતે માન્ય ત્રણ શ્રેણીઓમાં (1) અનુસૂચિત જાતિ, (2) અનુસૂચિત જનજાતિ અને (3) અન્ય પછાત વર્ગો- માં વિભાજીત કરી હતી.

7 **અનંત રામન કમીશન(1968)** [15]
શ્રી અનંતરામનની અધ્યક્ષતામાં એક કમીશનની નિમણૂક કરવામાં આવી હતી. કમિશનનું મુખ્ય કાર્ય આંધ્રપ્રદેશમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ માટેના માપદંડ નક્કી કરવાનો તેમજ તે અંગેની યાદી તૈયાર કરવાનું હતું.

[12] Subba rao M.(2013) understanding denotified ,action aid,p-36-48

[13] patel mittal(2006) ગુજરાતના વિચરતા વિમુક્ત સમુદાયો-221

[14] Report(2008) NCDNSNT Vol.1

[15] subba(2013) understanding denotified and nomedic tribes. secundarabadAction aid, -p-36-38

8 **આંધ્રપ્રદેશ પછાતવર્ગ કમીશન (1968)** [16]
આ કમિશને આંધ્રપ્રદેશમાં વસવાટ કરતા જુદાજુદા પછાતવર્ગોની અગાઉ બનેલી યાદીઓ પુન: સંશોધિત કરી હતી. જેમાં આંધ્રપ્રદેશની વિમુક્ત જાતિઓની પણ તપાસ હાથ ધરવામાં આવી હતી.

9 **ટેકનીકલ સલાહકાર જૂથની ભલામણો** [17]
ભારત સરકાર દ્વારા વિચરતા વિમુક્ત સમુદાયની પરિસ્થિતિનો અભ્યાસ કરીને ભલામણો કરવા પ્રો.ગણેશ દેવીની અધ્યક્ષતામાં(technical Advisory Group-TAG)ની રચના કરવામાં આવી હતી. આ સલાહકાર જૂથે વિચરતા વિમુક્ત સમુદાયના અધિકારો, સુરક્ષા વ્યવસ્થા, વિસ્થાપન ન કરવાની ખાતરી, નુકશાન સામે વળતરના ધોરણો, મતદાર તરીકેના અધિકારો, મોબાઇલ વોટીંગ, જંગલમાં પશુ ચરાવવા માટેના આધિકારો, વસાહતના હક્કો, જન્મ પ્રમાણપત્ર આપવા, મહિલાઓની સુરક્ષા, શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થાઓ લોકશાહી સમાજ વ્યવસ્થામાં તેમનું પ્રતિનિધિત્વ તેમજ તેમના કલ્યાણ માટે ભલામણો કરી છે.

**10 રેનકે કમીશન અહેવાલ -2008**[18]
જુન 2008માં “વિમુક્ત, વિચરતા અને અર્ધ વિચરતી જાતિઓ માટેના રાષ્ટ્રીય આયોગ” દ્વારા બાલકૃષ્ણ રેનકે ની અધ્યક્ષતામાં એક એહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ અહેવાલના પ્રથમ ભાગમાં જુદાજુદા રાજ્યોમાં વિમુક્ત, વિચરતા અને અર્ધ વિચરતા જૂથોની વસ્તી, સામાજિક આર્થિક પરિસ્થિતિ, પરંપરાગત વ્યવસાયો, વ્યવસાયો છોડવાના કારણો, લિંગભેદની સ્થિતિ તેમજ આ જૂથોના ઐતિહાસિક પરિપ્રેક્ષની ચર્ચા કરવામાં આવી છે.જયારે ભાગ 2 માં આયોગ દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં જ્યાં NT / DNT ની વસ્તી છે તેવા સ્થળોની મુલાકાત લઈને માહિતી એકત્ર કરવામાં આવી છે જેમાં જમીનની માલિકી, આર્થિક સમાવેશન, એટ્રોસિટી, જાતિ પંચાયતો, કાયદાની અસરકારકતા તેમજ વંચિતતા જેવા કારણો સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**ડફેર સમુદાયની સામાજિક આર્થિક પરિસ્થિતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ડફેર સમુદાયની સામાજિક આર્થિક પરિસ્થિતિ તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અભ્યાસ દરમ્યાન જે દસ્તાવેજી સ્ત્રોતોનો અભ્યાસ કરવામાં આવ્યો તેમજ પ્રત્યક્ષ મુલાકાત કરવામાં આવી તેના આધારે સમગ્ર ગુજરાતમાં ડફેર સમુદાયની સામાજિક આર્થિક સ્થિતિ કેવી છે? અહી સામાજિક આર્થિક સ્થિતિને તપાસવા રહેઠાણ, આવક, ભૌતિક સુવિધાઓ, લગ્ન વય કુટુંબનું કદ, સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ જેવી બાબતોને કેન્દ્રમાં રાખીને ડફેર સમુદાયની સામાજિક આર્થિક સ્થિતિને તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

1 **કુટુંબનું કદ:**
સેન્સસ 2011 મુજબ ભારતમાં સરેરાશ કુટુંબનું કદ 4.8 છે જયારે ગુજરાતમાં કુટુંબનું કદ 4.9 છે પણ ડફેર સમુદાયમાં કુટુંબનું કદ મોટું જોવા મળે છે. તેમનું સરેરાશ કુટુંબનું કદ 7.5 છે ગુજરાતના જીલ્લાઓ પ્રમાણે જોઈએ તો જુનાગઢ જીલ્લામાં કુટુંબનું કદ 8.8 છે જયારે સૌથી નાના કદના કુટુંબો (6.7 ) ગાંધીનગર જીલ્લામાં જોવા મળે છે.

2 **સ્ત્રી પુરુષ જાતિ પ્રમાણ :**
ભારતમાં અને ગુજરાતમાં પુરુષોની તુલનાએ સ્ત્રીઓનું પ્રમાણ સતત ઘટતું રહ્યું છે અને એટલા માટે જ સરકાર દ્વારા બેટી બચાઓ માટેના કાર્યક્રમો હાથ ધરવા પડે છે. પરંતુ અભ્યાસ દરમ્યાન ડફેર સમુદાયમાં આ સ્થિતિ ખુબ હકારાત્મક જોવા મળી છે. જે નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે. અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલા કુલ 335 કુટુંબોની કુલ સભ્ય સંખ્યા 2521 છે જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 50.14% જયારે પુરુષોનું પ્રમાણ 49.86%છે

3 **લગ્ન વય અંગેના વલણો**
બાળલગ્ન ભારતીય સમાજનું એક દુષણ બની રહેલ છે. બાળ લગ્ન અટકાવવા માટે સરકાર દ્વારા કાયદા ઘડવામાં આવ્યા છે. તેમજ બાળલગ્નથી થતા નુકશાન અંગે જાગૃતિ લાવવાનું કામ સરકાર દ્વારા કરવામાં આવે છે જોકે બાળલગ્ન અંગે ડફેર સમુદાયમાં ઘણા હકારાત્મક વલણો જોવા મળે છે. બાળલગ્ન તેમની સંસ્કૃતિનો ભાગ નથી. મોટે ભાગે દીકરીના લગ્ન 19 થી 21 વર્ષે તેમજ દીકરાના લગ્ન 22 થી 24 વર્ષે કરાવતા જોવા મળેલ છે.આમ ડફેર સમુદાય સમાજિક આર્થિક રીતે પછાત હોવા છતાં સંસ્કૃતિક રીતે અન્ય સમાજ કરતા ઘણો વિકસિત હોય તેમ જોવા મળે છે.

**4 ડફેર સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ**
પ્રસ્તુત અભ્યાસના ગ્રામ્ય કે શહેરી વિસ્તારના એકપણ ઉત્તરદાતાઓ શિક્ષિત નથી. તેઓ ક્યારેય શાળાએ ગયા નથી પણ વ્યવહારુ ઉપયોગને લગતી સામાન્ય સાક્ષરતા તેમણે કેળવી લીધી છે. શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં નિરક્ષરતાનું પ્રમાણ 17.2 % વધારે જોવા મળેલ છે.

[16] Subba rao M.(2013) understanding denotified, secunderabad .action aid,p-45
[17] TAG report -2006
[18] Report-NCDNT,

## 5 બંધારણીય દરજ્જા અંગેની જાગૃતિ

અભ્યાસ હેઠળ મળેલ પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ કરતા જણાય છે કે માત્ર 9% ઉત્તરદાતા પોતે અન્ય પછાત વર્ગ(બક્ષીપંચ)ની જાતિઓમાં સમાવેશ પામે છે તે બાબતની સભાનતા ધરાવે છે. આ ઉત્તરદાતા મુખ્યત્વે શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે તેમજ સામાજિક સંસ્થામાં ફિલ્ડ લેવલે નેતૃત્વ કરી રહ્યા છે. સંસ્થાકીય સંપર્કમાં આવવાને કારણે 15.8% ઉત્તરદાતાઓ પોતાને વિચરતી જાતિ (વિમુક્ત નહિ) તરીકે ઓળખાવે છે.જયારે 74.3% ઉત્તરદાતાઓ પોતાને ડફેર તરીકે ઓળખાવે છે. આમ ડફેર એ તેમની સામાજિક ઓળખ છે પણ કાયદાકીય રીતે પોતાની જાતિની સ્પષ્ટતા તેઓ ધરાવતા નથી. જયારે 0.9% ઉત્તરદાતા જ્ઞાતિ /જાતી બાબતે કોઈ સ્પષ્ટતા ધરાવતા નથી તેઓ ડફેર શબ્દને પોતાની અટક તરીકેની ઓળખ બતાવી હતી. શિક્ષણનું પ્રમાણ ખુબ જ ઓછું હોવાથી તેઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત નથી સરકારી નિયમોનો તેમને ખ્યાલ નથી. આમ, આઝાદીના 72 વર્ષ પછી પણ સામાજિક અલગતાના કારણે તેમજ શિક્ષણ અને વિકાસની તકોથી વંચિત રહેવાને પ્રસ્તુત અભ્યાસના 91% ઉત્તરદાતાઓ પોતાના બંધારણીય દરજ્જાથી અજાણ છે.

### 6-મકાનનો પ્રકાર દર્શાવતી માહિતી

મકાન એ વ્યક્તિની સામાજિક આર્થિક સ્થિતિનું પ્રતિક છે. પ્રસ્તુત અભ્યાસના એકપણ ઉત્તરદાતા પાસે પાકું મકાન નથી 17.90 % ઉત્તરદાતા એવા છે જેઓ ઘાસ અને પ્લાસ્ટિક/મીણીયા વાળા તંબુ પ્રકારના આવાસમાં રહે છે. આમ ડફેર સમુદાયના આવાસ તેમની નબળી આર્થિક સ્થિતિ દર્શાવે છે.

### 7-મકાનની માલિકી અને વિસ્તાર

પ્રસ્તુત અભ્યાસના 86% ઉત્તરદાતા જાહેર જગ્યા પર રહે છે. જે સૌથી વધુ છે.આ જગ્યા પર તેઓ વર્ષોથી રહે છે અને અહી તેમણે પોતના ઝુપડા અથવા કાચા આવાસો બનાવ્યા છે નગરા ગામના માત્ર 2.4% ઉત્તરદાતાઓને સરકારી યોજના હસ્તક મકાન મળે છે. વિજાપુર અને મહેસાણાના બધાજ ઉત્તરદાતાઓ સરકારી જમીન પર કાચા મકાનો બનાવીને દબાણ કરીને વસવાટ કરી રહ્યા છે.

પ્રસ્તુત અભ્યાસના એકપણ ઉત્તરદાતા ભાડાનું મકાન ધરાવતા નથી. ડફેર સમાજના બધાજ સભ્યો પછાત હોવાથી કોઈની પાસે પોતાની માલિકીના મકાન નહિ હોવાથી તેઓ પોતાના સમુદાયના સભ્યોને મકાન આપી શકતા નથી.વર્ષોથી વિમુક્ત સમુદાયોને સમાજ દ્વારા અપરાધી તરીકેનું જે લેબલ (છાપ) લગાડવામાં આવેલ છે. તેના કારણે ડફેર સમાજના લોકો ગામમાં ભાડે મકાન મેળવી શકતા નથી.

પ્રસ્તુત અભ્યાસના સીમ રખોપું કરનારા કુટુંબો ખેતરમાં વસવાટ કરે છે. ખેતરના માલિક તેમને પોતાના પાકની રક્ષા માટે રહેવાની પરવાનગી આપે છે તેથી અહી ખાનગી માલિકીની જમીન(ખેતરમાં) પોતાના તંબુ પ્રકારના મકાનમાં 5.97% ઉત્તરદાતા વસવાટ કરે છે.

### 8-વીજ સુવિધાની સ્થિતિ

પ્રસ્તુત માહિતીનું વિશ્લેષણ કરતા જણાય છે કે અભ્યાસના હેઠળના 69.3% ઉત્તરદાતાઓ વીજળીની સુવિધાનો લાભ લઇ રહ્યા છે, જેમાંથી 40.3% ઉત્તરદાતા કાયદેસરના વીજ જોડાણ ધરાવે છે. 30.7 % ઉત્તરદાતાઓ પાસે આજદિન સુધી વીજ સુવિધા નથી. આમ, અભ્યાસ હેઠળના મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રની તુલનાએ ઉત્તરગુજરાતના ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારમાં ડફેર વસ્તીનું પ્રમાણ વધારે છે તેથી વીજસુવિધા ધરાવતા (53.7) તેમજ ન ધરાવતા (13.2%) બંનેનું પ્રમાણ ઉત્તરગુજરાતમાં વધારે છે. ઝોન પ્રમાણે વિશ્લેષણ કરતા જણાય છે કે સૌરાષ્ટ્રમાં 19% ડફેર વસ્તી માંથી 11.3% લોકો વીજ સુવિધા નથી. આમ સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વીજ સુવિધાનો અભાવ છે.તેવી જ રીતે મધ્ય ગુજરાતમાં કુલ ઉત્તરદાતાઓ માંથી 44.71% પાસે વીજ સુવિધા નથી જયારે ઉત્તર ગુજરાતના કુલ ઉત્તરદાતાઓ માંથી 20% પાસે વીજ સીવિધા નથી

પ્રસ્તુત અભ્યાસના 29% ઉત્તરદાતા ગેરકાયદેસર વીજજોડાણ ધરાવે છે. ઉત્તર ગુજરાતના મહેસાણા અને વિજાપુર ખાતે આવેલ ડફેર વસાહતોમાં બધાજ પરિવારો વીજ જોડાણ ધરાવે છે પણ કાયદેસરના વીજ જોડાણ ધરાવનાર કેટલાક સભ્યો અન્ય સભ્યોને પોતાના માંથી વીજ જોડાણ આપે છે અને મહીને હપ્તો ઉઘરાવે છે. આ ઉપરાંત કેટલાક સભ્યો વીજના થાંભલા માંથી ગેરકાયદેસર વીજ જોડાણ મેળવીને વીજ સુવિધાનો લાભ મેળવે છે. તેમજ આ માટે તેઓ કોઇ જ ચાર્જ ચુકવતા નથી

પાટણ જીલ્લાના રાનીસર અને અમરાપુર પાટી ગામની સીમમાં રહેતા ડફેર કુટુંબો ઉત્તર ગુજરાત વીજ કંપનીના વીજના થાંભલા માંથી છેડા નાખીને વીજળી ની સુવિધા મેળવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે વર્ષોથી આ પ્રમાણે ડફેર કુટુંબો મફત વીજ સુવિધા મેળવી રહ્યા છે પણ તેમના વિસ્તારમાં ક્યારેય સરકારી અધિકારીઓએ આવીને તપાસ કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેમ છતાં આ બે ગામમાં હજુ કેટલાય કુટુંબો વીજ સુવિધાથી વંચિત છે..

તેવી જ રીતે 30.7 % ઉત્તરદાતાઓ આજે 21 મી સદીમાં પણ અંધકાર યુગમાં જીવી રહ્યા છે. વીજળી ના હોવાને કારણે તેઓ વીજળીથી સંચાલિત કોઈપણ સુખ-સુવિધાના સાધનોનો ઉપયોગ કરી શકતા નથી. અમદાવાદ જીલ્લાના પીસાવાડા અને વાંસવા ગામની સીમમાં રહેતા કુટુંબો તંબુ પ્રકારના મકાનો ધરાવે છે.તેઓ વીજ સુવિધાથી સંપૂર્ણપણે વંચિત છે. વીજ સુવિધાના અભાવે તેઓ વિકાસની તકોથી વંચિત છે. સમૂહ માધ્યમોનો ઉપયોગ કરી શકતા નથી તેથી આસપાસની દુનિયામાં બનતી ઘટનાઓથી પરિચિત ના હોવાથી તેમના સામાજિક તેમજ આર્થિક વિકાસ અવરોધાય છે.

**9-ઉત્તરદાતાના વ્યવસાય માટેનાં સાધનો દર્શાવતી માહિતી**

અભ્યાસ હેઠળના (82.08%) ઉત્તરદાતાઓ પાસે આજીવિકા માટે કોઈ ચોક્કસ સાધનનો ઉપયોગ કરતા નથી તેઓ શારીરિક શ્રમ દ્વારા આજીવિકા મેળવે છે. દારૂ બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 5.37% છે. ઘરે બેસીને સિલાઈ અને એમ્બ્રોડરી કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર 1.19 % છે. આ બધાજ શહેરી મહિલા ઉત્તરદાતાઓ છે. 4.77 % ઉત્તરદાતાઓ સીમરખોપું કરવા મોટરસાયકલ વાપરે છે તેથી અહી મોટર સાયકલને વ્યવસાયના સાધન તરીકે દર્શાવેલ છે. પેસેન્જર રીક્ષા અને લોડીંગ રીક્ષા દ્વારા આજીવિકા મેળવતા પરિવારો મહેસાણામાં વધુ છે. દારુ બનાવવો અને અસામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌરાષ્ટ્ર (જુનાગઢ) અને ઉતર ગુજરાત (મહેસાણા)માં વધુ છે. અભ્યાસ દરમ્યાન સૌરાષ્ટ્રના કેટલાક ડફેર પરિવારો પાસે લાયસંસ વગરની બંદુક હોવાની વિગતો સ્થાનિક લોકો સાથે ચર્ચા દરમ્યાન જાણવા મળી હતી જો કે ઉત્તરદાતાએ બંદુક ન હોવાનું જણાવ્યું હતું તેમજ અગાઉ તેઓ સીમ રખોપું કરતા હોવાથી તેઓ બંદુક રાખતા હતા એવી વિગતો જાણવા મળી હતી.

**8-આવક અને વ્યવસાય**

ડફેર ઉત્તરદાતાઓની સરેરાશ માસિક આવક 7833 રૂ/- છે. જે સરકારશ્રીના નિયમ કરતા ઓછી છે. બધાજ ઉત્તરદાતાઓ અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે અને તેઓ આજીવિકાની રીતે અનિશ્ચિતતા ધરાવે છે. તેથી તેઓ આવક મેળવવા એક થી વધુ વ્યવસાયમાં જોડાતા હોય છે. સૌથી વધુ 62.4% ઉત્તરદાતા સામાજિક રીતે અમાન્ય પ્રવૃતિઓ દ્વારા આવક મેળવે છે. જયારે બીજા ક્રમે તેમના માટે આજીવિકાનું મુખ્ય સાધન છૂટકમજૂરી / ખેતમજૂરી છે. ઊંટલારી દ્વારા આજીવિકા મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછુ(1.8%) છે તેમછતાં સામાજિક રીતે અમાન્ય વ્યવસાયો અને સાથે સાથે અન્ય વ્યવસાયો કરતા 40 % ઉત્તરદાતાઓની આવક સરેરાશ આવક્ કરતા વધુ છે.

**9-ઉત્તરદાતાના બચત અંગેના વલણો**

ડફેર સમાજના ઉત્તરદાતા મોટે ભાગે નબળી સામાજિક આર્થિક પરિસ્થિતિ ધરાવે છે. તેમના આર્થિક સ્ત્રોતો માંથી તેઓ ખુબ જ ઓછી આવક મેળવે છે. કેટલાક ઉત્તરદાતા એકથી વધુ વ્યવસાયો કરે છે. અભ્યાસ હેઠળના 62% ઉત્તરદાતાઓ અસામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેથી તેમની આવક અનિશ્ચિત જણાય છે. પોલીસ સાથે સંઘર્ષમાં આવ્યા બાદ તેમણે ઘણીવાર પૈસા આપવા પડે છે, જે તેમની આર્થિક પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે.

આમ, મોટું કુટુંબ, સામાજિક વહેવારો, આવક કરતા ખર્ચનું વધુ પ્રમાણ, વગેરે પરિસ્થિતિને કારણે જોવા મળે છે કે આ અભ્યાસના 93 % ઉત્તરદાતાઓ કોઈપણ જાતની બચત કરી શકતા નથી. તેઓ તેમના આકસ્મિક ખર્ચા માટે પણ સમુદાયના અન્ય સભ્યો પર આધાર રાખે છે. સમાજિક વ્યવસ્થા મજબુત હોવાથી તેમને પરસ્પર મદદ મળી રહે છે તેથી તેઓ બચત કરવા બાબતે નિશ્ચિત જોવા મળે છે.

ડફેર સમાજના જે 7% સભ્યો બચત કરી શકે છે તેઓ મુખ્યત્વે અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેમની આવક સારી છે. તેઓ બચતને સોના ચાંદીના દાગીના સ્વરૂપે રૂપાંતરીત કરી દે છે. બેંક અથવા પોસ્ટના માધ્યમથી બચત કરવા ટેવાયેલા નથી. મહિલાઓ મજૂરીએ જાય છે તેઓ પોતાના પૈસા ઘરમાં ખર્ચ માટે વાપરે છે. તેમ છતાં જૂથ ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું કે જો તેમને બચત મંડળ બનાવીને વ્યવસ્થિત બચત કરવાની તાલીમ આપવામાં આવે તો તેઓ બચત કરવાની ઈચ્છા ધરાવે છે. આમ ડફેર સમુદાયમાં બચત કરવા અંગે જાગૃતિ જોવા મળતી નથી. તેઓ આર્થિક સંસ્થાઓથી પરિચિત નથી. તેમની નિરક્ષરતા તેમના વિકાસને અવરોધતું મહત્વનું પાસું છે.

**10- પીવાના પાણીની સુવિધા અંગેની માહિતી**

અભ્યાસ હેઠળના 50.64% ઉત્તરદાતાઓ નદી, તળાવ કુવા જેવા કુદરતી સ્ત્રોતો માંથી પીવાનું પાણી મેળવે છે. આ બધાજ ઉત્તરદાતાઓ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. જયારે શહેરી વિસ્તારમાં કુદરતી સ્ત્રોતો માંથી પાણી મેળવતા સભ્યોનું પ્રમાણ 0 (શૂન્ય) છે. જાહેર નળ, ખાનગી નળ કે પોતાના ઘરે નળ માંથી પાણી મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ શહેરી વિસ્તારમાં વધુ છે. શહેરી વિસ્તારના સૌથી વધુ (67.46%) ઉત્તરદાતાઓ જાહેર નળ માંથી પાણી મેળવે

છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણી માટે નજીકમાં આવેલ તળાવ કે જળાશય પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત છે.

### 11-ઉત્તરદાતાની વસવાટ અંગેની સ્થિતિ

પ્રસ્તુત અભ્યાસના નગરા ગામમાં સરકારી યોજના દ્વારા 8 (2.38%) ઉત્તરદાતાઓને આવાસ મળ્યા છે. તેથી તેમને ગામના કાયમી નિવાસી કહી શકાય. આ ઉપરાંત દિલાવરનગર વસાહતના 19 (5.67%) ઉત્તરદાતાઓ માને છે કે તેઓ હવે કાયમી રીતે સ્થાઇ થયા છે. કારણકે તેમણે જમીન ખાનગી માલિક પાસેથી ખરીદી છે અને તેના પર મકાન બનાવ્યા છે. જમીન ખરીદી અંગેની પાવર ઓફ એટર્ની ના દસ્તાવેજો તેમની પાસે છે. જે ઉત્તરદાતાઓ લાંબા સમયથી ડફેર વસાહતોમાં વસવાટ કરી રહ્યા છે તેમને પોતના મકાનો બનાવવાના પ્રયત્નો કર્યા છે. તેમની પાસે પાકા મકાનો નથી ઇંટ સિમેન્ટની દીવાલો અને પતરાની છત ધરાવતા મકાનો તેમણે બનાવ્યા છે.

91.95% ઉત્તરદાતા પોતાના રહેઠાણ બાબતે અનિશ્ચિતતાની સ્થિતિ ધરાવે છે. આવા ઉત્તરદાતાઓમાં ગામની ભાગોળે રહેતા 9.25%, ગામથી દુરના વિસ્તારમાં તંબુ બનાવીને રહેતા 25.8%, ફૂટપાથ કે રસ્તાની બાજુએ રહેતા કુટુંબો 6.3% ખાનગી માલિકીની જમીન પર રહેતા કુટુંબો4.5% તેમજ શહેરી વસાહતોમાં રહેતા 44.77% ઉત્તરદાતા રહેઠાણ માટે અનિશ્ચિતતા ધરાવે છ

### મહત્વના તારણો

- કુટુંબનું સરેરાશ કદ 7.5 છે, જે ગુજરાત અને ભારતના સરેરાશ કુટુબના કદ કરતા મોટું છે.
- સ્ત્રી-પુરુષનું જાતિપ્રમાણ હકારાત્મક છે.(પુરુષો 49.86 %અને સ્ત્રીઓ 50.14%)
- ઉત્તરદાતાઓ દીકરી માટે લગ્ન વય 19 થી 21 વર્ષ અને દીકરા માટે લગ્ન વય 22 થી 24 વર્ષની ભલામણ કરે છે. ડફેર સમુદાય પુખ્તવયે બાળકોના લગ્ન કરવાની ભલામણ કરે છે.
- 100% ઉત્તર દાતા નિરક્ષર છે. આમ ડફેર સમુદાયમાં નિરક્ષરતાનું પ્રમાણ ખુબ જ વધારે છે.
- 91% ઉત્તરદાતા પોતાના બંધારણીય દરજ્જાથી અજાણ છે.
- એકપણ ઉત્તરદાતા પાકું મકાન ધરાવતા નથી, 17.9% ઉત્તરદાતા તંબુ પ્રકારના મકાનમાં રહે છે.
- 86% ઉત્તરદાતા જાહેર જગ્યા પર ઝુપડા બનાવીને રહે છે.
- 30.7% ઉત્તરદાતાઓ વીજ સુવિધા વગર જીવન જીવે છે.
- 84.4% ઉત્તરદાતાઓ પીવાનું શુધ્ધ પાણી મેળવી શકતા નથી.
- 91.94% ઉત્તરદાતાઓ રહેઠાણ અંગે અનિશ્ચિતતા ધરાવે છે.
- 67.46% ઉત્તરદાતાઓ જાહેરનળ માંથી પીવાનું પાણી મેળવી શકે છે.
- જીવનની અનિશ્ચિત પરિસ્થિતિને કારણે તેઓ ચિંતા અનુભવે છે. તેમજ માનસિક સંઘર્ષ કરતા હોય તેમ જોવા મળે છે. તેમના માટે જીવન જીવવું પોતાના અસ્તિત્વ માટેનો સંઘર્ષ છે પ્રાથમિક સુવિધાઓનો અભાવ, નબળી સામાજિક આર્થિક પરિસ્થિતિ, અપરાધી તરીકેની છાપને કારણે આજીવિકા મેળવવામાં પડતી મુશ્કેલીઓ, પોલીસ દ્વારા કરવામાં આવતી કનડગત, આજીવિકાના સાધનોની અનિશ્ચિતતા, નિરક્ષરતા, જેવી વિવિધ બાબતો તેમના જીવનની સંઘર્ષમય પરિસ્થિતિમાં વધારો કરે છે.

### ઉપસંહાર

સમગ્ર સંશોધનપત્રનો અભ્યાસ કરતા જણાય છે કે ડફેર સમુદાયનો ભૂતકાળ ભવ્ય રહ્યો છે, પણ રાજાશાહી ગયા પછી તેમની સ્થિતિ કફોડી બની છે. તેઓ બહાદુર અને લડાયક કોમ છે. એટલે તેઓ પોલીસ કે સુરક્ષા દળોમાં ખુબ સારી ભૂમિકા ભજવી શકે, પણ વાર્ત્માન સમયમાં નિરક્ષરતાનું ખુબ ઊંચું પ્રમાણ અને ૧૮૭૧નાં અપરાધી જનજાતિ અધિનિયમને કારણે લાગેલ “અપરાધી” તરીકેની છાપને કારણે તેમની સામાજિક સ્વીકૃતિ ઘટી છે. સમાન્ય જન સમુદાય તેમને ગુનેગાર ગણે છે, તેથી તેઓ યોગ્ય આજીવિકા મેળવી શકતા નથી. આજીવિકાના યોગ્ય સાધનો નહી મળવાને કારણે તેઓ વધુને વધુ ગરીબી અને બેરોજગારીનો ભોગ બને છે. આમ પ્રસ્તુત સંશોધન પત્ર ડફેર સમુદાયની સામાજિક આર્થિક સ્થિતિનું ચિત્ર રજુ કરે છે. ડફેર સમુદાયની સામાજિક આર્થિક સ્થિતિ ખુબ જ નબળી છે. તેમના વિકાસ અને પુન:સ્થાપન માટે ચોક્કસ પ્રયાસો થવા જોઇએ, એ વર્તમાન સમયની માંગ છે.